જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૩/૨૦૧૭ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૫૬૨/૧૭

## છ મહિના પહેલા સાબરમતી, અચેર, મેટ્રો રેલ પ્રોજેકટના પતરાની આડમાં સાબરમતી ગાંધીવાસ ખાતે રહેતા જગદીશ ઉર્ફે ચુકાને છરાના ઘા મારી ખુન કરનાર આરોપીને ઝડપી પાડી ખુનના ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેરના સાબરમતી અચેર વિસ્તારમાં કોઇ અજાણ્યા ઇસમે જગદીશ ઉર્ફે ચુકો સન/ઓફ ઇશ્વરભાઇ ઉર્ફે ગાંડાભાઇ પરમાર ઉ.વ.-૨૧ રહે. સતકેવલનગર, ગાંધીવાસ-૨ ની બાજુમા, સાબરમતી, અમદાવાદ, નાને કોઇ અગમ્ય કારણોસર તીક્ષ્ણ હથીયાર વડે શરીરે ગળાના ભાગે, ડાબા હાથે, તથા ડાબા પડખાના ભાગે તથા પીઠની ડાબી બાજુના ભાગે અલગ અલગ ઘા મારી ગંભીર પ્રકારની ઇજા કરી તા.૨૦/૦૮/૨૦૧૬ ના કલાક ૭/૩૦ વાગ્યા પહેલા મોત નીપજાવેલ હોય જે ગુનાની તપાસ મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ થી અત્રે ક્રાઇમ બ્રાન્ચ કચેરી ખાતે સોંપવામાં આવેલ હતી. બાદ સદર ગુનાની આગળની તપાસ પોલીસ ઇન્સપેકટર શ્રી એસ.આર.ટંડેલ સાહેબ નાઓએ સંભાળેલ હતી.

સદર ગુનાના કામે જગદીશ ઉર્ફે ચુકોનુ ખુન કરનાર આરોપીને શોધી કાઢી ગુનો ડિટેકટ કરવા સારૂ અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ નાઓએ સુચના કરેલ હોય જેઓની સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદીપસિંહ ઝાલા નાઓએ સદર ગુનો શીધી કાઢવા સારૂ અધિકારી/માણસોની ટીમ બનાવેલ હતી. જેમાં પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.આર.ટંડેલ તથા પોલીસ સબ ઇન્સપેકટર શ્રી એન.જી.ચૌધરી તથા તેમના સ્કોડના માણસોને રાખેલ હતા. અને સદર ટીમને ગુનો શોધી કાઢવા સારૂ અલગ-અલગ ટાસ્ક આપેલ હતા જે મુજબ આરોપીને શોધી કાઢવા સારૂ ટીમના અધિકારી/માણસો અલગ-અલગ દિશામાં તપાસ કરી રહ્યા હતા. તે દરમ્યાનમ ટીમના પોલીસ સબ ઇન્સપેકટર શ્રી એન.જી.ચૌધરી નાઓને મળેલ બાતમી હકીકત આધારે આરોપી ભરત ઉર્ફે લાલો ઉર્ફે લાલ બાદશાહ બાલુસિંગ ઠાકોર ઉ.વ.૨૭ રહે. તપોવનના છાપરા, સી.ટી. ગોલ્ડ સીનેમા સામે, મોટેરા રોડ, સાબરમતી, અમદાવાદ શહેર. મુળ વતન. ગામ. પડુંસણ, તા. તલોદ, જી. સાબરકાંઠા નાને પકડી લાવી જેની પુછપરછ કરતા તેણે જણાવેલ કે, "આજથી આશરે છ મહીના પહેલા રાતના આશરે અગીયારેક વાગ્યાના સમયે લાલ બાદશાહ સાબરમતી મેઇન રોડ ઉપર આવેલ પંચશીલ હોસ્પીટલ સામે રોડ ઉપર મસાલો ખાઇ ચાલતો છારાનગર તરફ જતો હતો ત્યારે મેટ્રો ટ્રેનનું ખોદકામ ચાલતુ હોય ત્યા માટીના ઢગલા પાસે આવતા તે જગદીશ ઉર્ફે ચુકા પરમાર સાથે અથડાઇ જતા જગદીશ ઉર્ફે ચુકો લાલ બાદશાહ ઉપર ઉશકેરાઇ ગયેલ અને બિભત્સ ગાળો બોલી જગદીશ ઉર્ફે ચુકાએ લાલ બાદશાહ ને એક લાફો મારી દીધેલ જેથી બન્ને વચ્ચે બથમબથી થઇ ગયેલ હતી. જેથી જગદીશ ઉર્ફે ચુકાએ લાલ બાદશાહ ને મારવા માટે છરો કાઢતા લાલ બાદશાહએ તેની પાસેનો છરો કાઢી જગદીશ ઉર્ફે ચુકાના શરીર ઉપર તથા ગળાના ભાગે આડેધડ છરીના ઘા મારી દીધેલ જેથી જગદીશ ઉર્ફે ચુકો જમીન ઉપર નીચે પડી ગયેલ અને તરફડીયા મારવા લાગેલ અને લાલ બાદશાહ ત્યાંથી તેનો છરો લઇ નિકળી ગયેલ હતો." તેવી હકિકત જણાવી મરનાર જગદીશ ઉર્ફે ચુકોની પોતે છરીના



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

ઘા મારી ખુન કરેલ હોવાની કબુલાત કરેલ છે. તેમજ મરણ જનાર જગદીશ ઉર્ફે ચુકા તથા આરોપી ભરત ઉર્ફે લાલો ઉર્ફે લાલ બાદશાહ ઠાકોર નાઓ બન્ને એક જ છોકરીને પ્રેમ કરતા હોય જેથી આરોપીને આ વાતની જાણ થતા તેણે મરણ જનાર ઉપર ખાર રાખી તેનુ કાસળ કાઢી નાંખવાનુ નક્કિ કરી એકાંતનો લાભ મળતા આરોપીએ મરણ જનાર સાથે ઝઘડો કરી છરાના ઘા મારી ખુન કરેલ છે.

સદર પકડાયેલ આરોપીની પુછપરછ કરતા તે અગાઉ સન-૨૦૦૮ માં એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે મોટર સાયકલ ચોરીના ગુના ગુનામાં પકડાયેલ હતો તથા સન-૨૦૧૩ માં સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ઓટોરીક્ષાના ટાયરોની ચોરીના ગુનામાં પકડાયેલ હતો તથા સન-૨૦૧૪ માં માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે મારામારી કરી રીક્ષાની લુંટ કરેલ હતી તેમજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે એકટીવા ચોરીના ગુનામાં અને સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે એક્ટીવા ચોરીના ગુનાઓમાં પકડાયેલ હતો.

**<u>પાલડી પોલીસ સ્ટેશનઃ-</u>**

પાલડી પોલીસ સ્ટેશન પો.સ્ટે. ફસ્ટ.ગુ.ર.નં-33/2017 ધી.ઈ.પી.કો કલમ 363,366,376,354 તથા પોક્સો એકટ કલમ 4,6,8 મુજબનો ગુનો તા,14/03/2017 ના કલાક 15/00 વાગે રજીસ્ટર થયેલ છે જે કામે ફરી શ્રી મંજુબેન વા/ઓ વરદીસીંગ દેવીસીંગ રાજપૂત ઉ.વ.30 ધંધો-મજુરી, રહે.21, વિમલ બંગ્લોઝ, નુત્તન સોસાયટી પાસે, ઉન્નતી સ્કુલની બાજુમાં, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી, અમદાવાદ.મુળ વતન- સાપોર ગામ, છાપરા ફળીયુ તા.જી. રાજસંમદ રાજસ્થાન નાઓની સગીર વયની નણંદ ઉ.વ.12 જે ભોગ બનનાર નાનીને સઘન પ્રયત્નો હાથ ધરી તા,18/03/2017 ના રોજ શોધી કાઢી ભોગ બનનારની પુચપરછ કરી જે આધારે ભોગ બનનાર નાની સાથે દુશ્કુત્ય કરનાર (1) દિનેશભાઇ ઉર્ફે ચીકુ મણાજી ઠાકોર ઉ.વ-25 રહે, એ/જી/1, ગ્રાઉન્ડ ફ્લોર, મહાલક્ષ્મી ટાવર, મહાલક્ષ્મી પાંચ રસ્તા, પાલડી અમદાવાદ શહેર મુળ વતન- ગામ, પાટણ પીપળા ગેટ, ભીલ વાસ, પોલીસ ચોકી સામે, તા.જી.પાટણ (2) સંજય ઉર્ફે કાળુ મનુભાઇ પટણી ઉ.વ.19 રહે, બ્લોક નં- 11/488, સી કોલોની અશોકમીલ સામે નરોડા રોડ અમદાવાદ શહેર (3) કાલુસિંહ ગંગાસિંહ બલ્લા રાજપુત ઉ.વ- 45 હાલ રહે, બ્લોક નં-11/488, સી કોલોની અશોકમીલ સામે નરોડા રોડ અમદાવાદ શહેર મુળ રહે, ગામ- કિશનપુરીયા તા,ગૌસુંડી જી, રાજસમન્દર રાજસ્થાન નાઓને તા,18/03/2017 ના કલાક 14/00 વાગે પકડી અટક કરેલ છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)